# PM to unveil the logo, theme and website of India's G20 Presidency on 8th November

# 8મી નવેમ્બર રોજ બપોરે વડાપ્રધાન ભારતની G20 અધ્યક્ષતાનો લોગો, વિષય અને વેબસાઈટનું અનાવરણ કરશે

07 નવેમ્બર, 2022

8મી નવેમ્બર 2022 નાં રોજ બપોરે 4:30 વાગે વડાપ્રધાન વિડીયો કોન્ફરન્સ મારફત ભારતની G20 અધ્યક્ષતાનો લોગો, વિષ અને વેબસાઈટનું અનાવરણ કરશે.

વડાપ્રધાનનાં વિઝન પરથી માર્ગદર્શન લઈને, વૈશ્વિક સ્તર પર આગેવાનીની ભૂમિકા હાથ ધરવા પર ભારતની વિદેશ નીતિ વિકસી રહી છે. આ દિશામાં નોંધપાત્ર પગલામાં, 1લી ડીસેમ્બર, 2022 થી ભારત G20 અધ્યક્ષતા ધારણ કરશે. આંતરરાષ્ટ્રિય અગત્યતા ધરાવતા મહત્વનાં મુદ્દાઓ પર વૈશ્વિક એજન્ડામાં યોદગાન આપવા G20 અધ્યક્ષતા ભારતને અનન્ય તક આપે છે. આપણી G20 અધ્યક્ષતાનો લોગો, વિષય અને વેબસાઈટ વિશ્વ સમક્ષ ભારતનાં સંદેશ અને અગ્રિમ પ્રાથમિકતાઓનું પ્રતિપાદન કરશે.

આંતરરાષ્ટ્રિય આર્થિક સહકાર માટે G20 અગ્રિમ મંચ છે જે વૈશ્વિક જીડીપીનાં આશરે 85%, વૈશ્વિક વ્યાપારનાં 75% કરતા વધારે અને, વિશ્વની આશરે બેતૃત્તિયાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. તેની G20 અધ્યક્ષતાની અવધી દરમિયાન, સમગ્ર ભારતમાં બહુવિધ સ્થળોમાં 32 વિભિન્ન ક્ષેત્રોમાં આશરે 200 મીટિંગો ભારત દ્વારા યોજવામાં આવશે. આગામી વર્ષે યોજવામાં આવનાર G20 શિખર સંમેલન ભારત દ્વારા યોજવામાં આવનાર સર્વોચ્ચ પ્રોફાઈલ ધરાવતા આંતરરાષ્ટ્રિય મેળાવડા પૈકી એક હશે.

**નવી દિલ્હી**
**07 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.